PG, CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/કવા–૦૧/૧૭–૧૮/ ૫૬૧૪ તા. ૧૨/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દિનેશભાઈ વલ્લભભાઈ હરસોડા,
પ્લોટ નં–૩૦/૨ ઉદ્યોગનગર સોસાયટી,,
ચામુંડા ઈન્ડ. પાસે, રીગ રોડ
ગામ: કોઠારીયા
રાજકોટ
મો: ૯૭૨૭૫ ૬૦૭૭૦

વિષય :–ઈલેકટ્રીસીટી ડયુટી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૩–૦૬–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૬/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૬-)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૭૬/ક્વા-૦૧/૧૭-૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૧-૦૭-૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: દિનેશભાઈ વલ્લભભાઈ હરસોડા, ગામ: રાજકોટ**

**રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજૂઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

---

**: હુકમ :**

**ફરીયાદ : ઈલેક્ટ્રીસીટી ડયુટી બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજૂઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૪૫૧૩/૩૩૬૭૪/૯ – કે જેનો હેતુ '' ઉત્પાદકીય '' છે. આવા હેતુ માટે, સરકાર શ્રી પ્રારીત – ૧૦% વીજકર વસુલાત ની જોગવાઈ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, ૧૦% ને બદલે ૨૫% ના દરે વીજકર ની ગણતરીએ થતી રકમ નુ બીલીગ થયેલ હોય, આ બાબતો ને '' જુન-૧૭ '' ના બીલ મા, જણાયેલ ગણતરી થી જાણકારી મળતા – '' પીજીવીસીએલ ની સદર ગણતરી ભુલ – જે આગવી અસર થી'' સુધારી અને વધુ વસુલાત થયેલ રકમ જમા આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજૂઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ના, ના ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૩૪૫૧૩/૩૩૬૭૪/૯ (૦૮ કીવો) – કે જેનો હેતુ, પ્રથમ થી જ – જોડાણ ચાલુ થયા તા.૦૩-૦૯-૧૫ થી જ '' ઉત્પાદકીય '' છે. આ જોડાણ ઉત્પાદકીય હેતુ વાળુ હોય, આ જોડાણ નુ બીલીગ પ્રથમ થી જ, ઉત્પાદકીય હેતુ ને આનુષાંગીક એવા , નામદાર સરકાર શ્રી ના વીજકાર ખાતાના, નિયત કરાયેલ એવા ૧૦% વીજકર ના દર મુજબ – નિયમીત બીલીગ મારફત વીજકર વસુલ કરવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન હતી. પરંતુ, અગાઉ શરતચુક થી, સદર ઉત્પાદકીય એકમ નુ બીલીગ – જે ૧૦% વીજકર ની ગણતરી હેઠળ કરવાને બદલે, ૨૫% વીજકર ની ગણતરી એ થયેલ છે. |
| ૨.૨ | હાલ, માહે જાન્યુઆરી-૧૬ ના સદર જોડાણ ના ૦૮ કરારીત વીજભાર મા, અરજદાર શ્રી એ વધારાના ૨૧ કીવોનો વીજભાર વધારો મંજુર કરાવી અને, જોડાણ ને, ૨૯ કીવો ના કરારીત વીજભાર વાળુ કરેલ છે. આ સમયે, આ જોડાણ ની મુળ કેઈસ ફાઈલ વેરીફાય કરતા, '' સદર ઉત્પાદકીય એકમ વાળા આ જોડાણ ના બીલીગ મા– ૧૦% વીજકર આકારવાની બાબત '' પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય જણાયેલ હતી. |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, સદર જોડાણ – જે ઉત્પાદકીય એકમ હેઠળ નિયત થયેલ હોવાની બાબત – પીજીવીસીએલ પક્ષકાર માટે રેકર્ડ આધારીત સ્પષ્ટ થયેલ હોય, હાલ તુરંત જ, સદર જોડાણ ના બીલીગ રેકર્ડ મા, '' ૨૫% ને બદલે ૧૦% વીજકર મુજબ ની ફેરફાર નોંધ" અપાયેલ છે. અને, તેને આનુષાંગીક રહી સદર જોડાણ મા – જોડાણ ચાલુ થયા તા.૦૩-૦૯-૧૫ થી આજદિન સુધી, એટલેકે, રીલીઝ તારીખ થી જુન-૧૭ સુધી ના સમયગાળા દરમ્યાન ના અપાયેલ એવા તમામ '' ૨૫% વીજકર વાળા બીલો'' જે – ૨૫% વીજકર ને બદલે ૧૦% વીજકર મુજબ તબ્દીલ કરી, અને સદર તબ્દીલી ગણતરી અન્વયે થતી તફાવતીય રકમ, જે અરજદાર શ્રી ના, સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા કરવામા આવશે. પીજીવીસીએલ પક્ષકાર ની સદર ફરીયાદ નિવારણ સબંધક નિયમાધીન કાર્યવાહી ની જાણકારી, અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલાવી અને આપવામા આવેલ હતી. જે કાર્યવાહી, અરજદાર શ્રી એ રાજીખુશી અને સંમતી હેઠળ માન્ય રાખેલ છે. અને, તે મુજબ, અરજદાર શ્રી એ, તા.૦૩-૦૭-૧૭ ના રોજ નો લેખીત સંમતીપત્ર પણ, પીજીવીસીએલ મા રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ |

| | |
|---|---|
| | નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના તા.૦૩–૦૭–૧૭ ના રોજ ના સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી, જે પીજીવીસીએલ કક્ષાએથી, મુદદા નં.ર.૧ અને ર.ર મુજબ ની વિગતે,સકારાત્મક અભિગમ સાથે માન્ય રખાયેલ છે. અને, સદર ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, '' જે તેમના ઉત્પાદકીય ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૩૪૫૧૩/૩૩૬૭૪/૯ મા – જોડાણ ચાલુ થયા તારીખ થી જુન–૧૭ સુધી ના સમયગાળા ના તમામ નિયમીત વીજબીલો – જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ર.૩ મુજબ ની વિગતે ની કાર્યવાહી હેઠળ – સદર જોડાણ ના બીલીગ રેકર્ડ મા, '' ર૫% ને બદલે ૧૦% વીજકર મુજબ ની ફેરફાર નોંધ" હેઠળ તબ્દીલ કરાયેલ છે. અને, તેને આનુષાંગીક રહી અને પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ મા – જોડાણ ચાલુ થયા તા.૦૩–૦૯–૧૫ થી આજદિન સુધી, એટલેકે – જોડાણ રીલીઝ તારીખ થી જુન–૧૭ સુધી ના સમયગાળા દરમ્યાન અગાઉ અપાયેલ એવા તમામ '' ર૫% વીજકર વાળા બીલો જે – ર૫% વીજકર ને બદલે ૧૦% વીજકર મુંજબ તબ્દીલ કરી'', અને સદર તબ્દીલી ગણતરી અન્વયે થતી કુલ તફાવતીય રકમ – જે અરજદાર શ્રી ના, સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપવા સબબ ની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી હાથ ધરી અને સંપન્ન કરાયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર ની સદર ફરીયાદ નિવારણ સબંધક નિયમાધીન કાર્યવાહી – જે અરજદાર શ્રી ની, કચેરી મા રૂબરૂ હાજરી, જાણકારી અને સંતોષ તેમજ અરજદાર શ્રી ના તા.૦૩–૦૭–૧૭ ના રોજ નો લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ તરફથી સંપન્ન થયેલછે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના તા.૦૩–૦૭–૧૭ ના રોજ ના સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત તા.૦૩–૦૭–૧૭ ના સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.